ICCએ બાંગ્લાદેશના દાવાને જુઠ્ઠાણુ ગણાવ્યું

બાંગ્લાદેશી રમત સલાહકાર આસિફ નજરુલે દાવો કર્યો કે ICCએ ભારતમાં સુરક્ષા ચિંતાઓને સ્વીકારી છે

બાંગ્લાદેશની ચિંતાઓને સ્વીકારી હોવાના નઝરુલના દાવાને નકારીને ICCએ તે સંપૂર્ણ જુઠ્ઠાણું હોવાનું કહ્યું

ઢાકા/નવી દિલ્હી, તા. 12 (પીટીઆઈ) : બાંગ્લાદેશના રમતગમત સલાહકાર આસિફ નજરુલે આજે સોમવારે દાવો કર્યો હતો કે ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સીલ (આઈસીસી)એ ટી-20 વર્લ્ડકપ માટે ભારતની યાત્રા અંગે તેમના દેશની ચોક્કસ સુરક્ષા ચિંતાઓને સ્વીકારી છે, જો કે તેમના આ દાવાને રમતની વૈશ્વિક સંચાલક સંસ્થાએ 'ચોખ્ખું જૂઠાણું' ગણાવ્યું છે.

બાંગ્લાદેશે સાતમી ફેબ્રુઆરીથી શરૂ થનારી આ ટુર્નામેન્ટ માટે ભારતનો પ્રવાસ કરવાની અનિચ્છા વ્યક્ત કરી છે અને સુરક્ષા ચિંતાઓને ટાંકીને તેની મેચો સહ-યજમાન શ્રીલંકામાં ખસેડવાની માંગ કરી છે. સ્થાનિક અખબાર ડેઈલી સ્ટાર અનુસાર, નઝરુલે ઢાકામાં એક પ્રેસ કોન્ફરન્સમાં કહ્યું હતું કે હું તમને જણાવવા માંગુ છું કે ICC સુરક્ષા ટીમ અને સુરક્ષાના હવાલાવાળાઓએ બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડને એક પત્ર મોકલ્યો છે. તે પત્રમાં જણાવાયું છે કે ત્રણ બાબતો બાંગ્લાદેશ ટીમ માટે સુરક્ષા ખતરો વધારશે. પહેલા, જો મુસ્તફિઝુર રહેમાનને બાંગ્લાદેશ ટીમમાં સામેલ કરવામાં આવે. બીજું, જો બાંગ્લાદેશ ટીમના સમર્થકો બાંગ્લાદેશ રાષ્ટ્રીય જર્સી પહેરીને ફરતા હોય. અને ત્રીજું, બાંગ્લાદેશમાં ચૂંટણી નજીક આવતાં, બાંગ્લાદેશ ટીમ માટે સુરક્ષા ખતરો વધશે એવું તેમણે કહ્યું હતું.

આઈસીસીએ સ્વીકાર્યું કે તેણે બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડ (બીસીબી) નો સંપર્ક કર્યો હતો પરંતુ નઝરુલના દાવાને નકારી કાઢ્યો હતો કે તેણે બાંગ્લાદેશની ચિંતાઓને સ્વીકારી છે. આઈસીસીના એક સૂત્રએ જણાવ્યું હતું કે, આઈસીસીએ ભારતમાં સુરક્ષા અંગે બીસીબીને આંતરિક સંદેશ મોકલ્યો છે. પરંતુ આસિફ નજરુલે જે કહ્યું તે સંપૂર્ણપણે જુઠ્ઠું છે. આઈસીસીના સંદેશામાં ક્યારેય ઉલ્લેખ કરવામાં આવ્યો નથી કે મુસ્તફિઝુરની પસંદગી એક મુદ્દો હશે. આઈસીસી સૂત્રએ કહ્યું હતું કે આ સંપૂર્ણપણે ખોટું છે. આવી સલાહ ક્યારેય કોઈ ઔપચારિક વાતચીતમાં આપવામાં આવી ન હતી. માજી કેપ્ટન તમીમ ઇકબાલ અને વર્તમાન ટેસ્ટ કેપ્ટન નજમુલ હુસૈન શાંતોએ બાંગ્લાદેશ રમત સલાહકારના મત સામે અસહમતી દર્શાવી હતી. શાંતોએ ખેલાડીઓ વર્લ્ડ કપ ગુમાવવાની શક્યતાથી જે માનસિક તણાવ અનુભવી રહ્યા છે તે વ્યક્ત કર્યો છે. જોકે, નઝરુલે અડગ વલણ અપનાવ્યું છે અને જણાવ્યું છે કે બાંગ્લાદેશ તેની માગ પરથી પાછળ હટશે નહીં.

નજરુલના નિવેદનને કલાકો પછી BCBએ ફેરવી તોળી કહ્યું, ICCના જવાબની રાહ જોવાય છે

બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડે એક સત્તાવાર નિવેદનમાં, દેશના રમતગમત સલાહકાર, અઝીફ નજરુલ દ્વારા કરવામાં આવેલી ભારત વિરોધી ઉશ્કેરણીજનક ટિપ્પણી બાદ પાછું ખેંચી લીધું છે. નજરુલે દાવો કર્યો હતો કે આંતરરાષ્ટ્રીય ક્રિકેટ પરિષદે T20 વર્લ્ડ કપમાં સ્થળ બદલવાની તેમની વિનંતી સ્વીકારી લીધી છે તેના કલાકો પછી, BCB એ એક સ્પષ્ટતા જાહેર કરી, જેમાં જણાવ્યું હતું કે ICC તરફથી હજુ સુધી કોઈ પ્રતિક્રિયા મળી નથી. સોમવારે સાંજે નઝરુલે જાહેરમાં કહ્યું કે ICC એ બાંગ્લાદેશને પત્ર લખીને બંને દેશો વચ્ચેના બગડતા સંબંધો વચ્ચે ભારતમાં T20 વર્લ્ડ કપ મેચ રમવાની તેમની વિનંતી સ્વીકારી છે, જેના કારણે BCB ને આ નિવેદન જારી કરવાની ફરજ પડી હતી.

ડોટિન-દીપ્તિએ યુપી વોરિયર્સને 143 રનના સ્કોર સુધી પહોંચાડ્યું

50 રનમાં પાંચ વિકેટ ગુમાવનાર યુપી વોરિયર્સ માટે ડોટિન-દીપ્તિએ 93 રનની નોટઆઉટ ભાગીદારી કરી

નવી મુંબઈ, તા. 12 : મહિલા પ્રીમિયર લીગ (ડબલ્યુપીએલ)માં આજે સોમવારે અહીં રમાયેલી એક મેચમાં ટોપ ઓર્ડર નાટ્યાત્મક રીતે ધરાશાયી થયા પછી ડાયેના ડોટિન અને દીપ્તિ શર્માએ મળીને 93 રનની નોટઆઉટ ભાગીદારીની મદદથી યુપી વોરિયર્સે પાંચ વિકેટે 143 રન બનાવીને રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર (આરસીબી) સમક્ષ 144 રનનો લક્ષ્યાંક મૂક્યો હતો.

આરસીબીએ ટોસ જીતીને ફિલ્ડીંગ પસંદ કર્યા પછી પ્રથમ દાવ લેવા ઉતરેલા યુપી વોરિયર્સે લોરેન બેલની ટાઈટ બોલિંગ સામે સતર્ક શરૂઆત કરી હતી અને પાવરપ્લેમાં એક વિકેટે 36 રન બનાવ્યા હતા.

જો કે તે પછી આઠ બોલના ગાળામાં વધુ ચાર વિકેટ ગુમાવતા તેમનો સ્કોર પાંચ વિકેટે 50 રન થયો હતો. તે પછી ડોટિન અને દીપ્તિએ મળીને બાજી સુધારવાનું કામ શરૂ કરીને 72 બોલમાં 93 રનની નોટઆઉટ ભાગીદારી કરીને ટીમને સન્માનજનક સ્કોર પર પહોંચાડી હતી. દીપ્તિ 35 બોલમાં 45 રન અને ડોટિને 37 બોલમાં 40 રને નોટઆઉટ રહી હતી. આરસીબી વતી નાદિન ડિ ક્લર્ક અને શ્રેયંકા પાટીલે 2-2 વિકેટ લીધી હતી જ્યારે લોરેન બેલે એક વિકેટ લીધી હતી.

વોશિંગ્ટન વન ડે સીરિઝમાંથી બહાર, તેના સ્થાને આયુષ બદોનીનો સમાવેશ

આયુષ બદોનીને પહેલીવાર સિનિયર ટીમમાં સામેલ કરાયો, હવે તે વિજય હજારેમાં ક્વાર્ટર ફાઇનલ નહીં રમી શકે

નવી દિલ્હી, તા. 12 (પીટીઆઈ) : ભારતીય ઓલરાઉન્ડર વોશિંગ્ટન સુંદર પાંસળીની ઈજાને કારણે ન્યુઝીલેન્ડ સામેની વન ડે સીરિઝમાંથી બહાર થઈ ગયો છે અને તેના સ્થાને આયુષ બદોનીને પહેલીવાર સિનિયર ટીમમાં સામેલ કરવામાં આવ્યો છે.

ન્યૂઝીલેન્ડ સામેની પહેલી વનડે દરમિયાન વોશિંગ્ટન ઘાયલ થયો હતો. તેણે પાંચ ઓવરમાં ૨૭ રન આપ્યા અને ન્યૂઝીલેન્ડની ઈનિંગ દરમિયાન મેદાન છોડી દીધું. ત્યારબાદ તેણે ફિલ્ડિંગ કરી નહીં. બાદમાં તે આઠમા નંબરે બેટિંગ કરવા આવ્યો હતો. ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (બીસીસીઆઈ)એ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, રવિવારે વડોદરાના બીસીએ સ્ટેડિયમમાં ન્યુઝીલેન્ડ સામેની પ્રથમ વન ડે દરમિયાન બોલિંગ કરતી વખતે ઓલરાઉન્ડર વોશિંગ્ટન સુંદરને ડાબી પાંસળીના નીચેના ભાગમાં તીવ્ર દુખાવો થયો હતો. નિવેદનમાં જણાવાયું છે કે તેનો સ્કેન કરવામાં આવશે, જેના પછી બીસીસીઇ મેડિકલ ટીમ નિષ્ણાતની સલાહ લેશે.

નિવેદનમાં જણાવાયું છે કે પુરુષ ટીમ પસંદગી સમિતિએ તેમના સ્થાને આયુષ બદોનીનું નામ આપ્યું છે. બદોની બુધવારે રાજકોટમાં ટીમમાં જોડાશે, જ્યાં બીજી વનડે રમાશે. બદોનીનો રાષ્ટ્રીય ટીમમાં સમાવેશ થવાથી તે મંગળવારે બેંગલુરુમાં વિદર્ભ સામે વિજય હજારે ટ્રોફી ક્વાર્ટર ફાઈનલ મેચમાં દિલ્હી તરફથી રમી શકશે નહીં.

WPLમાં આજે ઈનફોર્મ ગુજરાત જાયન્ટ્સ અને મુંબઈ ઈન્ડિયન્સ વચ્ચે મુકાબલો

નવી મુંબઈ, તા. 12 (પીટીઆઇ) : વિમેન્સ પ્રીમિયર લીગ (ડબલ્યુપીએલ)માં આવતીકાલે મંગળવારે સીઝનની અત્યાર સુધીની તેમની સર્વશ્રેષ્ઠ શરૂઆત કર્યા પછી, ગુજરાત જાયન્ટ્સ અહીં ડિફેન્ડિંગ ચેમ્પિયન મુંબઈ ઈન્ડિયન્સને હરાવવા માટેના આત્મવિશ્વાસ સાથે મેદાને ઉતરશે.

જાયન્ટ્સ પાસે તેમની બેટિંગમાં પુષ્કળ શક્તિ છે અને તેનું સંપૂર્ણ પ્રદર્શન તેમની પ્રથમ બે મેચમાં જોવા મળ્યું હતું, જેમાં તેઓએ 200થી વધુના સ્કોર કરીને જીત મેળવી છે. રવિવારે રાત્રે દિલ્હી કેપિટલ્સ પરની જીત તેમના આત્મવિશ્વાસમાં વધારો કરશે કારણ કે સોફી ડિવાઈન બેટિંગ માટે અનુકૂળ પીચ પર 42 બોલમાં 95 રન ફટકાર્યા બાદ અંતિમ ઓવરમાં સાત રન બચાવવામાં સફળ રહી હતી. કેપ્ટન એશ્લે ગાર્ડનરે આગળ રહીને નેતૃત્વ કર્યું છે.

અનુભવી રાજેશ્વરી ગાયકવાડ અને કાશ્વી ગૌતમ જેવા ભારતીય ખેલાડીઓના પ્રદર્શને પણ ગાર્ડનરને ખુશ કર્યા છે. તેમના મંગળવારના હરીફો, મુંબઈ ઈન્ડિયન્સ, દિલ્હી કેપિટલ્સ સામેની તેમની જીતમાં મેળવેલી ગતિને આગળ વધારવા માટે જોશે. તેમના સૌથી મોટા મેચ વિનર નેટ સિવર-બ્રન્ટ શાનદાર ફોર્મમાં છે જ્યારે કેપ્ટન હરમનપ્રીત કૌર પણ દિલ્હી કેપિટલ્સ સામે 42 બોલમાં 74 રન સાથે ફોર્મમાં પરત ફરી હતી.

ભારત પર પોતાના નિર્ણયો લાગુ ન કરી શકતાં ICCનો કોઈ ફાયદો નથી : અજમલ

આઈસીસી વિશ્વ ક્રિકેટના એકંદર હિતમાં ન્યાયી અને સૈદ્ધાંતિક નિર્ણય ન લઈ શકે, તો તેણે કામગીરી બંધ કરી દેવી જોઈએ

કરાચી, તા. 12 (પીટીઆઈ) : પાકિસ્તાનના માજી ઓફ સ્પિનર સઈદ અજમલે જણાવ્યું હતું કે જો ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સીલ (આઈસીસી) ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (બીસીસીઆઈ) વર્તમાન પ્રભુત્વને પહોંચી વળવામાં નિષ્ફળ જાય છે તો તેના અસ્તિત્વનો કોઈ અર્થ નથી.

અજમલે અહીં પત્રકારોને જણાવ્યું હતું કે, જો આઈસીસી વિશ્વ ક્રિકેટના એકંદર હિતમાં ન્યાયી અને સૈદ્ધાંતિક નિર્ણય ન લઈ શકે, તો તેણે કામગીરી બંધ કરી દેવી જોઈએ. તેણે કહ્યું જો આઈસીસી ભારતીય બોર્ડ પર તેના નિર્ણયો લાગુ ન કરી શકે, તો તેના અસ્તિત્વનો કોઈ અર્થ નથી. અજમલે દાવો કર્યો હતો કે મોટાભાગના ટેસ્ટ રમતા દેશો આ ભાવના સાથે સંમત છે પરંતુ તેઓ જાહેરમાં પોતાનું વલણ સ્પષ્ટ કરી શકશે નહીં.

તેણે કહ્યું કે ભારત દ્વારા વૈશ્વિક સ્પર્ધાઓમાં પણ પાકિસ્તાનમાં રમવાનો ઇનકાર કરવો એ આઈસીસીની લાચારીનું મુખ્ય ઉદાહરણ છે. ભારત માટે પાકિસ્તાનમાં ન રમવાનું કોઈ તાર્કિક કારણ નથી, પરંતુ આઈસીસી લાચાર છે કારણ કે હવે તેમાં ભારતીયોનું વર્ચસ્વ છે એવું અજમલે કહ્યું.

સુરક્ષાના કારણોસર ભારત પાકિસ્તાનનો પ્રવાસ કરતું નથી. વધુમાં, ભારત સરકાર બંને દેશો વચ્ચે દ્વિપક્ષીય શ્રેણીને મંજૂરી આપતી નથી. બંને દેશો હવે ફક્ત તટસ્થ સ્થળોએ બહુરાષ્ટ્રીય ટુર્નામેન્ટમાં જ એકબીજા સાથે રમે છે. આઈસીસીના વર્તમાન પ્રમુખ બીસીસીઆઇના ભૂતપૂર્વ સચિવ જય શાહ છે.

શિખર ધવને ગર્લફ્રેન્ડ સોફી સાથે સગાઈની જાહેરાત કરી

આઇરિશ પ્રોડક્ટ કન્સલ્ટન્ટ સોફી અને ધવન યુએઇમાં મળ્યા હતા

નવી દિલ્હી, તા. 12 : ભારતના માજી ઓપનર શિખર ધવને આજે સોમવારે ઇન્સ્ટાગ્રામ પર એક પોસ્ટ મૂકીને ગર્લફ્રેન્ડ સોફી શાઇન સાથેની સગાઈની જાહેરાત કરી છે. સોફીએ બંનેનો એક ફોટો અપલોડ કર્યો , જે ઝડપથી વાયરલ થયો હતો. સોફીએ આ ફોટોને 'માય લવ' શબ્દો સાથે કેપ્શન આપ્યું અને સાથે હાર્ટ ઈમોજી પણ મૂક્યો હતો, જે તે સમયે તેમના સંબંધની પહેલી જાહેર સ્વીકૃતિ હતી. આ પોસ્ટથી ધવનના અંગત જીવનને લઈને મહિનાઓથી ચાલી રહેલી અટકળોનો અંત આવ્યો.

શિખરે ઇન્સ્ટાગ્રામ પરની પોસ્ટમાં લખ્યું હતું કે વહેંચાયેલા સ્મિતથી લઈને વહેંચાયેલા સપનાઓ સુધી. અમે હંમેશા માટે સાથે રહેવાનું પસંદ કરીએ છીએ ત્યારે અમારા પ્રેમ, આશીર્વાદ અને દરેક શુભકામનાઓ માટે આભારી છું. સોફી એક આઇરિશ પ્રોડક્ટ કન્સલ્ટન્ટ છે અને હાલમાં યુએસ સ્થિત નાણાકીય સેવાઓ કંપની, નોર્ધન ટ્રસ્ટ કોર્પોરેશનમાં સેકન્ડ વાઇસ પ્રેસિડેન્ટ પ્રોડક્ટ કન્સલ્ટન્ટ તરીકે કાર્યરત છે. બંને યુએઈમાં મળ્યા હતા.

વિજય હજારે ટ્રોફી : મુંબઈ-યુપી આઉટ, સૌરાષ્ટ્ર-કર્ણાટક સેમી ફાઇનલમાં

બંને ક્વાર્ટર ફાઇનલમાં વરસાદ પડ્યો, સૌરાષ્ટ્રએ યુપીને જ્યારે કર્ણાટકે મુંબઇને વીજેડી પદ્ધતિ હેઠળ હરાવ્યું

બેંગલુરુ, તા. 12 : વિજય હજારે ટ્રોફીમાં આજે સોમવારે અહીં રમાયેલી બે ક્વાર્ટર ફાઇનલમાં સૌરાષ્ટ્ર અને કર્ણાટકેહ પોતપોતાની મેચ જીતીને સેમી ફાઇનલમાં સ્થાન મેળવ્યું હતું. સૌરાષ્ટ્રનો મુકાબલો ઉત્તર પ્રદેશ સામે હતો અને કર્ણાટકનો મુકાબલો મુંબઈ સામે હતો, બંને મેચ વરસાદથી પ્રભાવિત થઈ હતી.

પ્રથમ ક્વાર્ટર ફાઇનલમાં, મુંબઈએ પ્રથમ બેટિંગ કરતા 8 વિકેટે 248 રન બનાવ્યા અને વીજેડી હેઠળ કર્ણાટકને 255 રનનો લક્ષ્યાંક મળ્યો હતો. વરસાદના કારણે મેચ બંધ થવા પહેલાં કર્ણાટકે 33 ઓવરમાં 1 વિકેટે 187 રન બનાવ્યા. તે પછી વરસાદના કારણે મેચ રોકી દેવાઇ અને આખરે વીજેડી હેઠળ કર્ણાટક આ મેચ 55 રનથી જીત્યું હતું.

દિવસની બીજી મેચમાં, સૌરાષ્ટ્રએ વીજેડી પદ્ધતિ દ્વારા ઉત્તર પ્રદેશને 17 રનથી હરાવીને સેમી ફાઇનલમાં પ્રવેશ કર્યો. પ્રથમ બેટિંગ કરતા, ઉત્તર પ્રદેશે 8 વિકેટ ગુમાવીને 310 રન બનાવ્યા અને સૌરાષ્ટ્રને 311 રનનો લક્ષ્યાંક મળ્યો હતો. જવાબમાં, સૌરાષ્ટ્રએ 40 ઓવરમાં 3 વિકેટ ગુમાવીને 234 રન બનાવ્યા પછી વરસાદને કારણે મેચમાં વિક્ષેપ પડ્યો અને સૌરાષ્ટ્રને વીજેડી પદ્ધતિ દ્વારા વિજેતા જાહેર કરવામાં આવ્યું.

આવતીકાલે મંગળવારે બાકીની બે ક્વાર્ટર ફાઇનલ પંજાબ અને મધ્યપ્રદેશ તેમજ દિલ્હી અને વિદર્ભ વચ્ચે રમાશે. તે પછી પ્રથમ સેમિફાઇનલ પ્રથમ ક્વાર્ટર-ફાઇનલ અને ચોથી ક્વાર્ટર-ફાઇનલના વિજેતાઓ વચ્ચે રમાશે, જ્યારે બીજી સેમી ફાઇનલ બીજી અને ત્રીજી ક્વાર્ટર-ફાઇનલના વિજેતાઓ વચ્ચે રમાશે.

BBLમાં ધીમું રમતા મહંમદ રિઝવાનને ટીમે રિટાયર્ડ આઉટ કરી દીધો

બીગ બેશ લીગમાં રિટાયર્ડ આઉટ થનારો મહંમદ રિઝવાન પહેલો વિદેશી ખેલાડી બન્યો

મેલબોર્ન, તા. 12 : બિગ બેશ લીગ 2025-26 ની 33મી મેચ આજે સોમવારે મેલબોર્ન રેનેગેડ્સ અને સિડની થંડર વચ્ચે રમાઈ હતી. જેમાં મેલબોર્ન રેનેગેડ્સનું પ્રતિનિધિત્વ પાકિસ્તાનના વિકેટકીપર બેટ્સમેન મોહમ્મદ રિઝવાન શરમજનક સ્થિતિમાં મૂકાયો હતો. તેની ટીમે તેની ધીમી રમતને કારણે તેને રિટાયર્ડ આઉટ કર્યો હતો.

રિઝવાન 23 બોલમાં 26 રન બનાવ્યાનીને ક્રિઝ પર હતો તે સમયે તેને રિટાયર્ડ આઉટ કરવામાં આવ્યો હતો. વિલ સધરલેન્ડ તેના સ્થાને બેટિંગ કરવા આવ્યો. આ સાથે જ રિઝવાન બિગ બેશ લીગમાં રિટાયર્ડ આઉટ થનાર પ્રથમ વિદેશી ખેલાડી બન્યો છે. મોહમ્મદ રિઝવાન બિગ બેશ લીગ 2025-26 માં સંપૂર્ણ રીતે નિષ્ફળ રહ્યો છે. તે આ ટુર્નામેન્ટમાં કોઈ પ્રભાવ પાડવામાં સંપૂર્ણપણે નિષ્ફળ ગયો છે. રિઝવાને આઠ ઈનિંગ્સમાં ફક્ત 167 રન બનાવ્યા છે. તેનો સ્ટ્રાઈક રેટ ખૂબ જ ખરાબ રહ્યો છે. તેણે ખૂબ જ ધીમી બેટિંગ કરી છે. તેણે સિડની થંડર સામે સીઝનનો પોતાનો પહેલો સિક્સર ફટકાર્યો હતો.

બુન્ડેસલીગામાં બાયર્ન મ્યુનિક વુલ્ફ્સબર્ગ સામે 8-1થી જીત્યું

બુન્ડેસલીગામાં માર્ચથી એકપણ મેચ ન હારેલા બાયર્ને હરીફો પર 11 પોઈન્ટની સરસાઈ મેળવી

મ્યુનિક, તા. 12 (એપી) :- માઈકલ ઓલિસના બે ગોલ ઉપરાંત બીજા હાફમાં છ ગોલ કરીને બાયર્ન મ્યુનિકે વુલ્ફ્સબર્ગને 8-1થી હરાવીને નવા વર્ષની શરૂઆત કરી, આ જીતની સાથે તેઓ બુન્ડેસલીગામાં ટોચ પર 11 પોઈન્ટની સરસાઈ ધરાવતા થયા છે. ઓલિસ, હેરી કેન અને લુઈસ ડિયાઝે રવિવારે વુલ્ફ્સબર્ગના ડિફેન્સને વેરવિખેર કરી નાખ્યું હતું. આ પ્રભાવક પ્રદર્શનથી બાયર્ન 34-મેચની સીઝનની માત્ર 16મી ગેમમાં પોતાનું ટાઈટલ બચાવવાના માર્ગ પર મક્કમ દેખાય છે. શિયાળુ વિરામ પછી બાયર્નની પ્રથમ મેચ માટેના થીજવી દેતા તાપમાનમાં, ઓલિસે બે ગોલ કર્યા અને કેન તથા ડિયાઝે એક-એક ગોલ કર્યો, સાથે અવેજી ખેલાડીઓ રાફેલ ગુરેરો અને લિયોન ગોરેટ્ઝકાએ પણ ગોલ કર્યા, અને બાકીના બે વુલ્ફ્સબર્ગ દ્વારા થયેલા આત્મઘાતી ગોલ હતા. આખી મેચ દરમિયાન બાયર્ન પાસે માત્ર બે જ ગભરાટની ક્ષણો હતી. પ્રથમ 13મી મિનિટમાં વુલ્ફ્સબર્ગ માટે જેનન પેજસિનોવિકનો ગોલ હતો, જેણે રાઈટ બેક કોનરાડ લાઈમરની ઈન્ટરસેપ્શનમાં ભૂલ પછી સ્કોર 1-1થી બરાબર કર્યો હતો. બીજી ક્ષણ હેરી કેન માટે ઈજાનો ટૂંકો ડર હતો, જેને પ્રથમ હાફના મધ્યમાં ડિફેન્ડર મોરિટ્ઝ જેન્ઝ દ્વારા ઘૂંટી પર વાગ્યા પછી સારવારની જરૂર પડી હતી, પરંતુ તે ટૂંક સમયમાં ફરી એક્શનમાં આવી ગયો હતો. બાયર્ન માર્ચ મહિનાથી બુન્ડેસલીગાની એક પણ મેચ હાર્યું નથી અને યુરોપની પાંચ સૌથી મોટી લીગમાં એકમાત્ર અપરાજિત ટીમ રહી છે.

બાર્સેલોનાએ રીઅલ મેડ્રિડને હરાવીને ફરીથી સ્પેનિશ સુપર કપ જીત્યો

રિયલ મેડ્રિડને 3-2થી હરાવીને બાર્સેલોનાએ 16મું સુપર કપ ટાઇટલ જીત્યું

જેદ્દાહ, તા. 12 (એપી) : સાઉદી અરેબિયામાં રમાયેલી સ્પેનિશ સુપર કપ ફૂટબોલ ટુર્નામેન્ટની ફાઈનલમાં રફિન્હાના બે ગોલની મદદથી, બાર્સેલોનાએ રિયલ મેડ્રિડને 3-2થી હરાવીને ફરીથી ચેમ્પિયન બની હતી.

રાફિન્હાનો 73મી મિનિટનો વિજયી ગોલ આકસ્મિક રીતે થયો જ્યારે તે શોટ લેતી વખતે લપસી ગયો, અને બોલ મેડ્રિડના ડિફેન્ડર રાઉલ એસેન્સિયોને વાગ્યો અને ગોલકીપર થિબાઉટ કોર્ટોઈસ પાસેથી પસાર થઈ ગયો. ફાઈનલનો પહેલો હાફ રોમાંચક અંત સાથે સમાપ્ત થયો, જેમાં બ્રેક પહેલાના સ્ટોપેજ ટાઈમમાં ત્રણ ગોલ થયા, બે રિયલ મેડ્રિડ દ્વારા અને એક બાર્સેલોના દ્વારા. બાર્સેલોનાએ ગયા વર્ષે ફાઈનલમાં પણ રિયલ મેડ્રિડને 5-2થી હરાવ્યું હતું, જેમાં પણ રાફિન્હાએ બે ગોલ કર્યા હતા. બાર્સેલોનાએ તેમનું 16મું સુપર કપ ટાઈટલ જીત્યું છે, જે અન્ય કોઈપણ ક્લબ કરતા વધુ છે. રીઅલ મેડ્રિડ 13 ટાઈટલ સાથે બીજા ક્રમે છે. ઘૂંટણની ઈજાને કારણે મિની-સુપર કપ ટુર્નામેન્ટની સેમિફાઈનલ ચૂકી ગયેલા કાયલિયન એમબાપ્પે 76મી મિનિટે મેદાનમાં આવ્યો પરંતુ રીઅલ મેડ્રિડ માટે બરાબરી કરવામાં નિષ્ફળ રહ્યો. ૩૬મી મિનિટે રાફિન્હાના શાનદાર ગોલથી બાર્સેલોનાએ સરસાઈ મેળવી લીધી. તેમના તરફથી રોબર્ટ લેવાન્ડોવસ્કીએ પણ ગોલ કર્યો. રીઅલ મેડ્રિડ તરફથી વિનિસિયસ જુનિયર અને ગોન્ઝાલો ગાર્સિયાએ ગોલ કર્યા.

અનુસંધાન ... પાના પહેલાનું

ભારતના વાંધા...

કરાયેલા કથિત ચીન-પાકિસ્તાન 'સીમા કરાર'ને ક્યારેય માન્યતા આપી નથી. અમે સતત વલણ જાળવી રાખ્યું છે કે આ કરાર ગેરકાયદેસર અને અમાન્ય છે." તેમણે વધુમાં કહ્યું કે, "અમે કથિત ચીન-પાકિસ્તાન ઇકોનોમિક કોરિડોર (CPEC)ને પણ માન્યતા આપતા નથી, જે પાકિસ્તાનના જબરદસ્તી અને ગેરકાયદેસર કબજા હેઠળના ભારતીય પ્રદેશમાંથી પસાર થાય છે." જાયસ્વાલની ટિપ્પણીઓ પર પ્રતિક્રિયા આપતા ચીનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા માઓ નિંગે અહીં એક મીડિયા બ્રીફિંગમાં જણાવ્યું હતું કે, સૌ પ્રથમ તો, તમે જે પ્રદેશનો ઉલ્લેખ કર્યો છે તે ચીનના પ્રદેશનો ભાગ છે. ભારતની ટીકા અંગેના પ્રશ્નના જવાબમાં તેમણે કહ્યું હતું કે, ચીનના પોતાના પ્રદેશમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રવૃત્તિઓ પ્રશ્નોથી પર છે. માઓએ જણાવ્યું હતું કે ચીન અને પાકિસ્તાને ૧૯૬૦ના દાયકાથી સરહદ કરાર પર હસ્તાક્ષર કર્યા છે અને બંને દેશો વચ્ચેની સરહદ નક્કી કરી છે. તેમણે ઉમેર્યું કે, સાર્વભૌમ દેશો તરીકે આ ચીન અને પાકિસ્તાનના અધિકારો છે. CPEC અંગે ભારતની ટીકા પર, માઓએ બેઈજિંગના એ જ નિવેદનનું પુનરાવર્તન કર્યું કે તે એક આર્થિક પહેલ છે જેનો હેતુ સ્થાનિક આર્થિક અને સામાજિક વિકાસ અને લોકોની આજીવિકા સુધારવાનો છે.

અવકાશમાં ગુમાવાયેલા...

eye) ઉપગ્રહ હતો. આ ઉપરાંત, 'આયુલસેટ' (AayulSAT), જે ભારતનો પ્રથમ ઇન-ઓર્બિટ ફ્યુઅલિંગ (અવકાશમાં બળતણ ભરવા માટેનો) ઉપગ્રહ હતો, અને 'CGUSAT', જે ખાસ કરીને કટોકટીના સમયે સંચાર અને આપત્તિ વ્યવસ્થાપન માટે વિકસાવવામાં આવેલો વિદ્યાર્થીઓ દ્વારા નિર્મિત નાનો લો અર્થ ઓર્બિટ (LEO) ઉપગ્રહ હતો, તેમનો પણ સમાવેશ થાય છે. અર્થ ઓબ્ઝર્વેશન સેટેલાઇટ (પૃથ્વી અવલોકન ઉપગ્રહ) થાઇલેન્ડ અને યુકે દ્વારા સંયુક્ત રીતે બનાવવામાં આવ્યો હતો. એક સ્પેનિશ સ્ટાર્ટઅપ કંપનીનું પ્રોટોટાઇપ રિ-એન્ટ્રિ વેહીકલ પણ તેમાં હતું.

ચૂંટણી પંચની...

હતી, જેમાં નિવૃત્ત સૈનિકો અને નાગરિકોએ સવાલ ઉઠાવ્યો હતો કે આવા સન્માનિત અધિકારીએ શા માટે રૂબરૂ આવીને પોતાની ઓળખ સાબિત કરવાની જરૂર પડે? નિવૃત્ત થયા બાદ ગોવામાં રહેતા પ્રકાશે કહ્યું કે જો એસઆઇઆરના ફોર્મ અપેક્ષિત માહિતી ભેગી કરી શકતા નથી તો તેમાં સુધારો થવો જોઈએ. જો કે તેમણે કહ્યું હતું કે મને કોઈ વિશેષ સવલતની જરૂર નથી. મેં અને મારી પત્નીએ ફોર્મ યોગ્ય રીતે ભર્યા હતા અને નોટિસ મુજબ અમે સુનાવણી માટે હાજર થઈશું. ચૂંટણી પંચે જો કે આજે ખુલાસો કર્યો હતો કે નૌકાદળના ભૂતપૂર્વ વડાને નોટિસ એ એક સિસ્ટમથી દોરવાયેલ પ્રક્રિયા છે. તેમના અગાઉના એન્યુમરેશન ફોર્મમાં અધૂરી વિગતો હતી અને તેને કારણે આ નોટિસ સર્જાઈ છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે ફોર્મ હવે બરાબર ભરી લેવાયું છે અને અરૂણ પ્રકાશે સુનાવણી માટે હાજર થવાની જરૂર નથી. જો કે લોકો આ બાબતે ચૂંટણી પંચની ભારે ટીકા કરી રહ્યા છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'એક્સ' પર કેટલાક લોકોએ સવાલ કર્યો કે જો પૂર્વ નૌકાદળ પ્રમુખનો PPO (પેન્શન પેમેન્ટ ઓર્ડર) અને લાઈફ સર્ટિફિકેટ (જીવન પ્રમાણપત્ર) પહેલેથી જ સરકારી ડેટાબેઝમાં ઉપલબ્ધ છે, તો SIR ટીમને વધુ શું જોઈએ છે? એક નિવૃત સૈનિકે ચૂંટણી તંત્રની ટીકા કરતા લખ્યું હતું કે આ બાબત સામાન્ય સમજનો અભાવ સૂચવે છે.

ઈસરોનું 2026નું...

હાંસલ કરી શકાયું નથી અને તમામ 16 ઉપગ્રહો અવકાશમાં ખોવાઈ ગયા છે. આ ઉપગ્રહો હવે અવકાશી કાટમાળ બનીને અવકાશમાં તરતા રહેશે. આ ત્રીજા તબક્કા દરમિયાન PSLV મિશનની સતત બીજી નિષ્ફળતા છે. આ અગાઉ મે 2025 માં PSLV-C61 (EOS-09) નો પ્રયાસ પણ મોટર પ્રેશરની સમસ્યા અને મોટર કેસના ચેમ્બર પ્રેશરમાં ઘટાડો થવાને કારણે સફળ થયો ન હતો. સોમવારે સવારે 22.5 કલાકનું કાઉન્ટડાઉન પૂર્ણ થયા બાદ, 44.4 મીટર ઊંચા ચાર તબક્કાના રોકેટે નિર્ધારિત સમય મુજબ સવારે 10.18 વાગ્યે અહીંના સ્પેસપોર્ટ પરથી ઉડાન ભરી હતી. આ મિશનનો ઉદ્દેશ્ય મુખ્ય અર્થ ઓબ્ઝર્વેશન સેટેલાઇટ અને અન્ય સહ-યાત્રી ઉપગ્રહોને આશરે 17 મિનિટની ઉડાન પછી 512 કિમીની સન-સિંક્રનસ ઓર્બિટમાં સ્થાપિત કરવાનો હતો. મિશન ડાયરેક્ટરની મંજૂરી બા